<u>ફોજદારી પરચુરણ અરજ નં.૧૭/૨૦૨૬ ના કામે આંક: ૧ નીચે હુકમ</u>

(૧) અરજદાર તરફે વિ.વ.શ્રી વી.ડી.પારેખને તથા સરકારશ્રી તરફે એ.પી.પી.શ્રી એમ.ડી.ભોઈને સાંભળ્યા. હાલની અરજી, સાથે રજુ દસ્તાવેજી કાગળો તથા પોલીસ અભિપ્રાય વંચાણે લીધો.

(૨) અરજદારની હાલની અરજી BNSS ની કલમ ૪૯૭ હેઠળ મુદ્દામાલ રોકડ રકમ રૂ.૪૮,૦૦૦/–(અંકે રૂપિયા અડતાળીસ હજાર પુરા) પરત મેળવવા માટે કરેલ છે. સદર રોકડ નાણાં ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ફરિયાદ રજી.નં. ૩૧૧૧૧૨૫૦૨૨૮૩૮૫/૨૦૨૬ ના કામે સાઈબર ક્રાઈમ પોલીસ ધ્વારા બી.એન.એસ.એસ.ની કલમ ૧૦૬ અન્વયે ફ્રીજ કરાવેલ છે જે રકમ પરત મેળવવા માટે હાલની આ અરજી કરેલ છે.

(૩) અરજદાર તરફે અરજીના સમર્થનમાં રજુ રાખેલ દસ્તાવેજો વંચાણે લેવામાં આવેલ છે તથા અરજીના અનુસંધાને તપાસ કરનાર પોલીસ અમલદારનો અભિપ્રાય મંગાવેલ છે, જેમાં સદરહુ નાણાં અરજદારને આપવામાં આવે તો તેઓને વાંધો નથી તેવી હકકીત જણાવેલ છે. વધુમાં સદર મુદ્દામાલ નાણાં લેવા સારૂ અત્રેની કોર્ટમાં અન્ય કોઈએ આજદિન સુધી અરજી કરી કલેઈમ કરેલ નથી.

(૪) આ કામે અરજદારની અરજીની હકીકત મુજબ તેઓ બેન્ક ઓફ બરોડા (Including Vijaya Bank and Dena Bank), માતરમાં ખાતા નં.૦૯૬૧૦૧૦૦૦૦૨૨૩૫ થી ખાતુ ધરાવતા આવેલ છે અને તેમના ખાતામાં અજાણ્યા વ્યકિત ધ્વારા સાઈબલ ક્રાઈમ કરી તા.૦૯.૧૧.૨૦૨૫ ના રોજ રૂ.૪૮,૦૦૦/– અંકે રૂપિયા અડતાળીસ હજાર પુરા ઉપાડી લીધેલ જેથી તેઓએ સરકારશ્રીના પ્રોજેકટ મુજબના ૧૯૩૦ નંબર ઉપર તા.૦૯.૧૧.૨૦૨૫ ના રોજ કોલ કરી આ બાબતે ફરિયાદ નોંધાવેલ જે ઉપરોકત નંબર રજીસ્ટર કરવામાં આવેલ અને તે કામે તપાસ કરનાર અમલદારશ્રીએ રૂ.૪૮,૦૦૦/– શંકાસ્પદ ખાતામાં સીઝ કરેલ હોય તે પરત મેળવવા હાલની આ અરજી કરેલ છે. સદર અરજી લગત તપાસ કરનાર અમલદારશ્રીનો અભિપ્રાય મંગાવતાં તે મુજબ અરજદારના ખાતામાં સદર નાણાં રૂ.૪૮,૦૦૦/–પુરા ઉપડી ગયેલ જે પૈકી (૧) રૂ.૧૩,૦૦૦/–પુરા સામાવાળાના State Bank of India માં આવેલ ખાતા નં.44157648933 IFSC માં ગયેલ તથા (૨) રૂ.૧૪,૨૦૦/૭૨ પૈસા પુરા સામાવાળાના State Bank of India માં આવેલ ખાતા નં.38137263146 IFSC માં ગયેલ તથા (૩)

રૂા.૨૦,૭૯૯/૨૮ પૈસા પુરા સામાવાળાના Fino Payement Bank માં આવેલ ખાતા નં.20347794523 IFSC માં ગયેલ જે તમામ ખાતાં શંકાસ્પદ બેન્ક એકાઉન્ટ છે. જેથી તમામ હકીકત ધ્યાને લેતાં સ્પષ્ટ ફલિત થાય છે કે, મુદ્દામાલ હાલના અરજદારને શરતોને આધીન સોંપવામાં આવે તો કોઈ વાંધો નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ૨૦૦૩(૧) જી.એલ.એચ.(સુ.કો.) ૩૦૭ ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેતાં, જપ્ત કરાયેલ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબો સમય રાખવા કોઈ રીતે ઉપયોગી નથી. જેથી મેજિસ્ટ્રેટ યોગ્ય રકમના બોન્ડ અને ગેરંટી લઈ તેમજ સીકયુરીટી મેળવી તત્કાલીક પરત કરવા હુકમ કરવો રહે છે.

(૫) હાથ પરની અરજીના કામે અરજદારે માંગેલ સદરહું મુદ્દામાલ લાંબા સમય સુધી જો સામાવાળી વ્યકિતના ખાતામાં રાખવામા આવે તો આ સામાવાળા કે જેમનાં ત્રણેય ખાતાં શંકાસ્પદ છે તે રકમ તેમાંથી ઓપરેટ કરી ઉપાડી લે અથવા તો અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી સગેવગે કરી નાંખે તેવી સંભાવના છે તેવી અરજદાર તરફેની રજુઆતો છે. વધુમાં સદર મુદ્દામાલ જે અરજદારના ખાતામાંથી ઉપાડી લીધેલ છે જે અરજદારના ખાતામાંના નાણાં હોય અને તે જો અરજદારને સોંપવામાં ન આવે તો અરજદાર કે જે ખેડૂત વર્ગના માણસ હોય અને મહામહેનતે ભેગી કરેલ રકમ હોય જો તેઓને તે પરત ન મળે તો તઓને કોઈ પણ રીતે બદલો ન મળે તેવુ પારાવાર આર્થિક નુકસાન જવાથી શકયતા રહેલી છે. આ તમામ સંજોગોમાં સદર મુદ્દામાલનો વચગાળાનો કબજો મેળવવા અરજદાર યોગ્ય હકકદાર હોવાનું જણાય છે. આ તમામ સંજોગો ધ્યાને લઈ, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

આથી અરજદારની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે. અરજદાર રાજેશકુમાર સોમાભાઈ પટેલ, રહે.૯૦, પટેલ ફળિયુ, ગ્રામ પંચાયત, મું.વાસણા બુઝર્ગ, તા.જી.ખેડાનાઓને ખેડા ટાઉન પો.સ્ટે.ફરિયાદ નં.૩૧૧૧૧૨૫૦૨૨૮૩૮૫/૨૦૨૬ ના કામે ફ્રીજ કરેલ રકમ રૂા.૪૮,૦૦૦/– (અંકે રૂપિયા અડતાળીસ હજાર પુરા ) અરજદારને બમણી રકમ એટલે કે રૂા.૧,૦૦,૦૦૦/–પુરાના બોન્ડ રજુ કરેથી નીચેની શરતોએ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

***<u>ફોજદારી પરચુરણ અરજ નં. ૧૭/૨૦૨૬</u>***

<u>શરતો :</u>

૧. અરજદારે આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મુદ્દામાલ કોઈપણ રીતે કોઈને તબદીલ કરવો નહીં.

૨. અરજદારે મુદ્દામાલ રોકડ રકમ જયારે અને જયાં જરુર પડે ત્યારે વિના વિલંબે રજુ કરવાનું રહેશે.

૩. સદરહું મુદ્દામાલની ભવિષ્યે કદાચ રજુ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થશે તો તેવા સંજોગોમાં મુદ્દામાલ રોકડ રકમ જેટલી જ રોકડ રકમ જો અદાલત ફરમાવશે તો પોતે રજુ કરશે તેવી લેખિત બાંહેધરી અરજદારે રજુ કરવી.

અરજદારે જામીનગીરી અંગેના બોન્ડ જે તે પોલીસ સ્ટેશને રજુ કરવા.
હુકમની જાણ કરતી સંબંધિત પોલીસ સ્ટેશને યાદી કરવી

હુકમ આજરોજ તા.૨૫મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫.૦૩.૨૦૨૬ (મહેશકુમાર સી.પટેલ)
મું.ખેડા. અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ખેડા.
[GJ01199]